RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 04* Date: 24.10.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારતે પાકિસ્તાનને પરાજય આપી એશિયા કપનો લીધો બદલો

## અર્શદીપની આંધી સામે પાકિસ્તાન પસ્ત, ટીમના ટોપના બે ખેલાડીની વિકેટ લઈ જૂનો બદલો લીધો

મેલબોર્ન,તા.૨૩

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ટી ૨૦ વર્લ્ડ કપના હાઈવોલ્ટેજ મેચમાં ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને પરાજય આપી એશિયા કપનો બદલો લીધો છે પાકિસ્તાને પ્રથમ બેટીંગ કરતા ૧૬૦ રનનો ટાર્ગેટ ભારતને આપ્યો હતો .જો કે ભારતે આ લક્ષ્યાંક અંતિમ ઓવરમાં ૧૬૩ રન કરી પાકિસ્તાનને પરાજય આપ્યો હતો. ભારત તરફથી હાર્દિક અને અર્શદીપ સિંહે ૩-૩ વિકેટ લીધી હતી. તો મોહમ્મદ શમી અને ભુવનેશ્વર કુમારને ૧-૧ વિકેટ મળી હતી. પાકિસ્તાન તરફથી સૌથી વધુ ઈફ્તિખાર અહેમદે ૩૪ બોલમાં ૫૧ રન ફટકાર્યા હતા. તેની આ ઈનિંગમાં ૨ ચોગ્ગા અને ૪ છગ્ગા આવ્યા હતા. તો શાન મસૂદે ૫ ચોગ્ગાની મદદથી ૪૨ બોલમાં ૫૨ રન કર્યા હતા.

અગાઉ ભારતે ટૉસ જીતીને પહેલા ફિલ્ડિંગ પસંદ કરી હતી. ટીમ ઈન્ડિયાને મોટી સફળતા મળી હતી. અર્શદીપે પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમને પહેલી જ બોલમાં ઝીરોમાં આઉટ કરી દીધો છે. અર્શદીપે બીજી મોટી વિકેટ લેતા મોહમ્મદ રિઝવાનને ૪ રને આઉટ કર્યો હતો. તો મોહમ્મદ શમીએ સેટ બેટર ઈફ્તિખારને ૫૧ રને આઉટ કર્યો હતો. હાર્દિક પંડ્યાએ એક જ ઓવરમાં બે વિકેટ ઝડપીને પાકિસ્તાનની ઈનિંગને બ્રેક લગાવવાનો પ્રયાસ કર્યો હતો. શાદાબે ૫ રન જ્યારે હૈદર અલીએ ૨ રન કર્યા હતા. તો પંડ્યાએ વધુ એક સફળતા મેળવતા મોહમ્મદ નવાઝને આઉટ કર્યો હતો. તેણે ૪ ઓવરમાં ૩૦ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. અર્શદીપ સિંહે ત્રીજી વિકેટ ઝડપી હતી. તેણે આસિફ અલીને ૨ રને પેવેલિયન ભેગો કર્યો હતો.

પાકિસ્તાનની ઈનિંગની શાન મસૂદને બે વખત જીવતદાન મળ્યું છે. પહેલા ૬.૩ ઓવરે હાર્દિકે રનઆઉટ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં મસૂદ બચી ગયો હતો. તે સાવ થોડાક માટે રહી ગયો હતો. તો આના પછીની ઓવરમાં થર્ડમેન ઉપર અશ્વિને તેનો કેચ છોડીને તેને બીજું જીવતદાન આપ્યું હતું. દુનિયાના ટોપ ફેસ્ટમેનમાં જેમનો સામાવેશ થાય તેવા પાકિસ્તાનની કેપ્ટન બાબર આઝમ અને નંબર વન ગણાતા ટી-૨૦ બેસ્ટમેન મોહમ્મદ રિઝવાન ભારત સામેના મુકાબલામાં ફ્લોપ સાબિત થયા છે. પાવર પ્લેમાં જ બંને ઝટકો આપ્યો. ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સામે પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી છે. બીજી જ ઓવરમાં અર્શદીપ સિંહે બાબર આઝમને ગોલ્ડન ડક કર્યું છે.પાકિસ્તાની કેપ્ટન ખાતુ ખોલાવ્યા વગર જ પહેલા જ બોલ પર પેવેલિયન પરત ફર્યો છે. અંદર તરફ આવી રહેલી બોલે બાબરને ચકમો દઈ ગઈ હતી. જે બાદ પાકિસ્તાની ટીમ આ ઝટકામાંથી તો બહાર નીકળી જ ન હતી કે ચોથી ઓવરમાં અર્શદીપે બીજા ઓપનર એટલે કે ઈન ફોર્મ મોહમ્મદ રિઝવાનને પણ જાળમાં ફસાવી દીધો હતો. આ રીતે પાકિસ્તાનનો સ્કોર ૪ ઓવરમાં બે વિકેટ ગુમાવીને માત્ર ૧૫ રન થયો હતો. મોહમ્મદ રિઝવાન અને બાબર આઝમની જોડી ૨૦૨૧માં યુએઈમાં રમાયેલા છેલ્લી વર્લ્ડ કપથી તેઓ સારા સાબિત થઈ રહ્યા છે. બંને ખેલાડીઓ લગભગ દરેક મેચમાં ૫૦થી વધુ બનાવે જ છે. અમ્પાયરના ન્મ્ઉના નિર્ણય પર બાબર આઝમે નિર્ણય રિવ્યુ લીધો હતો, તેમા પણ તેને નિરાશા જ મળી હતી. આમ પણ ભારત સામે બાબર આઝમનો રેકોર્ડ ખરાબ રહ્યો છે.ભારતની આ જીતના હીરો વિરાટ કોહલી રહ્યા હતા. કિંગ કોહલીએ ફક્ત ૫૩ બોલમાં અણનમ ૮૨ રનની ઈનિંગ રમી ટીમ ઈન્ડીયાને લગભગ હારેલી બાજી જીતાડી દીધી છે.તમને જણાવી દઈએ કે પાકિસ્તાને પહેલાં રમ્યા બાદ ૨૦ ઓવરમાં ૮ વિકેટ પર ૧૫૯ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ભારતે અંતિમ બોલ પર લક્ષ્યનો પીછો કરી લીધો. ભારતીય ટીમે ૧૮ ઓવર બાદ ૪ વિકેટના નુકસાન પર ૧૨૯ રન બનાવી લીધા છે. વિરાટ કોહલી ૬૧ રન અને હાર્દિક પંડ્યા ૩૮ રન બનાવીને ક્રીઝ પર છે. ભારતીય ટીમે ૧૭ ઓવર બાદ ૪ વિકેટના નુકસાન પર ૧૧૨ રન બનાવી લીધા છે. વિરાટ કોહલી ૪૬ રન અને હાર્દિક પંડ્યા ૩૭ રન બનાવીને ક્રીઝ પર હતો ભારતીય ટીમે ૧૬ ઓવર બાદ ૪ વિકેટના નુકસાન પર ૧૦૬ રન બનાવી લીધા છે. વિરાટ કોહલી ૪૩ રન અને હાર્દિક પંડ્યા ૩૪ રન બનાવીને ક્રીઝ પર હતો ભારતીય ટીમે ૧૫ ઓવર બાદ ૪ વિકેટના નુકસાન પર ૧૦૦ રન બનાવી લીધા છે. વિરાટ કોહલી ૪૨ રન અને હાર્દિક પંડ્યા ૩૨ રન બનાવીને ક્રીઝ પર હાજર છે. ભારતીય ટીમે ૧૪ ઓવર બાદ ૪ વિકેટના નુકસાન પર ૯૦ રન બનાવી લીધા હતાં.









# એકનાથ શિંદેએ અગાઉની ઉદ્ધવ ઠાકરે સરકારના ૬ મોટા નિર્ણયો પલટાવ્યા

મુંબઇ,તા.૨૩

મહારાષ્ટ્રની એકનાથ શિંદે ભારતીય જનતા પાર્ટી ગઠબંધન સરકારે આરે મેટ્રો કાર શેડના ટ્રાન્સફર અને રાજ્યમાં કેસોની તપાસ માટે સીબીઆઈને સામાન્ય મંજૂરી સાથે તેણે અગાઉની મહા વિકાસ અઘાડી સરકારના ઓછામાં ઓછા અડધો ડઝન નિર્ણયો પર રોક લગાવી છે અથવા તેને પલટાવ્યા છે.



સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન પર રાજ્ય સરકારનો તાજેતરનો નિર્ણય મહત્વનો છે કારણ કે અગાઉની શિવસેનાની આગેવાની હેઠળની એમવીએ સરકારે તપાસ એજન્સીને આપેલી સામાન્ય મંજૂરી પાછી ખેંચી લીધી હતી, એમ કહીને તેનો રાજકીય લાભ અને નુકસાન માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો હતો.

વર્તમાન શિંદે સરકારે આ મહિનાની શરૂઆતમાં સત્તામાં ૧૦૦ દિવસ પૂરા કર્યા છે. એકનાથ શિંદેએ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો અને પાર્ટીના ૫૫માંથી ૪૪ ધારાસભ્યો સાથે અલગ જૂથ બનાવ્યા પછી MVA સરકાર પડી અને વર્તમાન સરકાર અસ્તિત્વમાં આવી.આ વર્ષે જૂનમાં એકનાથ શિંદેએ મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા અને ભાજપના દેવેન્દ્ર ફડણવીસ નાયબ મુખ્યપ્રધાન બન્યા હતા. નવેમ્બર ૨૦૧૯ માં સત્તામાં આવ્યા પછી, શિવસેના, કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ની એમવીએ સરકારે અગાઉની ભાજપ-શિવસેના સરકારના કેટલાક નીતિગત નિર્ણયોને ઉથલાવી દીધા.

ભાજપ-શિવસેના સરકારના નેતા દેવેન્દ્ર ફડણવીસ હતા.

શિંદે સરકારે ૨૦૧૪-૨૦૧૯ દરમિયાન ફડણવીસ સરકાર દ્વારા લેવામાં આવેલા ચાર નીતિવિષયક નિર્ણયોને પાછો ખેંચવાનો નિર્ણય કર્યો હતો પરંતુ બાદમાં એમવીએ સરકાર દ્વારા તેને રદ કરવામાં આવ્યો હતો.

આ નિર્ણયોમાં એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટિંગ કમિટિના બજારોમાં ખેડૂતોની મતાધિકારની પુનઃસ્થાપના, કટોકટી દરમિયાન જેલમાં બંધ થયેલા લોકો માટે પેન્શન ફરી શરૂ કરવું, લોકોમાંથી ગામડાના વડાઓ અને કોર્પોરેશન કાઉન્સિલના પ્રમુખોની ચૂંટણીનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર એગ્રીકલ્ચર પ્રોડ્યુસ એન્ડ માર્કેટિંગ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૬૩માં, ગ્રામ પંચાયતો, કૃષિ ધિરાણ મંડળીઓ અને બહુહેતુક મંડળીઓના સભ્યોને જ સમિતિના સભ્યોની પસંદગી કરવાની છૂટ હતી, પરંતુ ઓગસ્ટ ૨૦૧૭માં ભાજપ-શિવસેના સરકારે તે કાયદામાં સુધારો કર્યો. ખેડૂતોને પણ મત આપવાનો અધિકાર આપવામાં આવ્યો. જાન્યુઆરી ૨૦૨૦ માં એમવીએ સરકાર દ્વારા તે રદ કરવામાં આવ્યું હતું.

શિંદે સરકારે કટોકટી દરમિયાન જેલમાં બંધ રાજકીય કાર્યકરોનું પેન્શન પણ પુનઃસ્થાપિત કર્યું છે.

આ નિર્ણય ફડણવીસ સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭ માં પ્રથમ વખત લેવામાં આવ્યો હતો, જેને એમવીએ સરકારે ૨૦૨૦ માં ઉલટાવી દીધો હતો અને દાવો કર્યો હતો કે મોટાભાગના લાભાર્થીઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકરો છે.



## તંત્રી સ્થાનેથી...

### ટેકસમાં કપાતના ઉતાવળિયા નિર્ણયથી બ્રિટીશ વડાપ્રધાનનું રાજીનામું

*બ્રિટીશ વડાપ્રધાન લિઝ ટ્રસના રાજીનામાના નિવેદને સૌને ચોંકાવી દીધા હતા. જો કે બ્રેકઝિટના નિર્ણય બાદ બ્રિટનમાં ઉથલપાથલનો દૌર જોવા મળી રહ્યો છે. તેમાંયે ૪૫ દિવસનો વડાપ્રધાનનો કાર્યભાર સંભાળ્યા બાદ લિઝ ટહસે આપેલ રાજીનામું માત્ર બ્રિટન જ નહિં પરંતુ દુનિયાભરની સરકારો માટે મોટો પદાર્થપાઠ બની રહ્યો. જેમાં વિચારધારાની પ્રતિબદ્ઘતાની સાથે જો વ્યવહારિકતા અને સમજદારીનું યોગ્ય સંકલન ન હોય તો પરિણામ ઘાતક હોઈ શકે છે.*

*જો કે તેમાં બેમત નથી કે લિઝ ટ્રસ ટેકસમાં કપાતનો વાયદો કરીને વડાપ્રધાન પદ સુધી પહોંચ્યા હતા. વડાપ્રધાન બન્યા બાદ પોતાનો વાયદો પૂરો કરવાની પણ તેઓએ પ્રયાસ કર્યો. પરંતુ તે સમયે તેમણે એ વાત નજર અંદાજ કરી કે તેઓ અને તેમની સરકાર આ વાયદાને પૂર્ણ કરવાની સ્થિતિમાં છે કે નહીં? ટેકસમાં કરાનાર કપાતની ભરપાઈ સુનિશ્ચિત કરવા માટે લિઝની સરકાર દ્ઘારા લવાયેલા મીની બજેટ બાદ વિરોધનો સૂર ઉઠયો હતો. જેની અસરથી બ્રિટન શેરબજારને ગંભીર અરસ પહોંચવાની સાથે નાણાંમંત્રીએ પણ પદ ગૂમાવ્યું હતું.*

*પોતાની ભૂલનો અહેસાસ થયા બાદ લિઝ ટ્રસે માફી માંગવાની સાથે પોતાના તમામ વિવાદિત નિર્ણયો પરત ખેંચ્યા હતા. તેમ છતાંયે વિરોધ અટકયો ન હતો. આથી પહેલા ગૃહમંત્રીએ રાજીનામું આપ્યા બાદ લિજે પણ પદ છોડવાનું એલાન કરવું પડયું હતું. જો કે બ્રિટનમાં નવા વડાપ્રધાન માટેની પ્રકિયા શરુ થઈ ગઈ છે. હવે આ પદ પર કોણ આવશેની તરફ સૌની નજર ટકેલી છે.*


*ઉલ્લેખનીય છે કે બ્રિટનમાં આગામી વડાપ્રધાનના રૂપમાં ઋષિ સુનકનો દાવો હજી પણ મજબૂત છે. જે ગત સમયે લિઝ ટ્રસ બાદ બીજા નંબરે હતા. આ ઉપરાંત કન્ઝવેર્ટીવ પાર્ટીના પેની મોરડોન્ટ, બેન વોલેસ, સુઅલા બ્રેવરમેન સહિતના નેતાઓ પણ વડાપ્રધાનની રેસમાં હોવાનું ચર્ચાય છે. જો કે નિષ્ણાંતોના મતે બ્રિટનના પૂર્વ વડાપ્રધાનની પણ વાપસી થઈ શકે છે, જેઓ હટયા બાદ લિઝ ટ્રસને વડાપ્રધાનની ખુરશી મળી હતી.*



ગીત : હરીને સામે ભાળી

હરિને સામે ભાળી હું તો
ઘેલીઘેલી થાતી,
હરિનયનેથી વરસ્યાં હેતે
સાંગોપાંગ ભીંજાતી..હરિને સામે
શામળીયાના હેતના ઝૂલે
મસ્ત થઈ ને ઝૂલું,
વાંસલડીના સૂરે હું તો
જગ આખાને ભૂલું,
મનમોહનની સૂરત ઉપર
વારીવારી જાતી..હરિને સામે
વણકીધે વ્હાલીડો મારો
મારું મન પિછાણે,
ઘેલી છું હું કોની વાંહે?
કાનકુંવર- સૌ જાણે,
આંખે હરિ આંજીને હું તો
મરકમરક મલકાતી..હરિને સામે
નટખટ છાનોછપનો આવી
હાથને આંખે ધરતો
મરમાળા સ્મીતે નખરાળો
જન્મોની પીડા હરતો
હરિવર નયને હાથ ધરી હુંય
હૈયામાં હરખાતી..હરિને સામે


મનીષા ભદ્રેશ 'ઝણકાર'.(મુંબઈ)



આપણા સમાજમાં વૃદ્ધોને મળતી એકલતા કેમ?

એક જ્વલંત પ્રશ્ન આ ઉત્તરની પ્રતીક્ષામાં છે
જે સંતાનોને પોતે દુઃખ સહી મોટા કરે છે,
તે જ માતાપિતાને બોજરૂપ ગણે છે
જેણે અપાવ્યું સન્માન અને અસ્તિત્વ દુનિયા મહીં,
તેનું અપમાન કરતા સંતાનોને ના શરમ આવતી લગીર
નાના ઘરમાં પણ માતાપિતા બાળકો સાચવી શકતા,
પણ તેને વૃદ્ધાશ્રમની રાહ કઠોર બની દેખાડી દેતા
સંસ્કાર અને સંસ્કૃતિની હવે ઓછપ વર્તાય છે,
દેશમાં હોવા છતાં વિદેશની રીતો અપનાવાય છે
હજુ અમુક સંતાનોનાં હૃદયમાં લાગણી અકબંધ છે,
તેના થકી જ તો માતા પિતાનો વિશ્વાસ જીવંત છે.

નમ્રતા જોશી ઓઝા 'સુરભિ'અમદાવાદ



કોઈ મળે ભૂખ્યો તને
તો તું ભરી દેજે જરા..
હેતે ભરી એને ઘણું
દેજે અને લેજે ઝરા..!
ભૂખી ઘણી પૃથ્વી હશે!
ભર્યા હશે જ્યાત્યાં ધરા...
મીઠા જળે માછી મરે
સાગર મહીં ખારા ભરા..!
કોરા રુદે એતો જુઓ..!
તોયે ઘણા જીવે ખરા..!!
સ્નેહે પુરા જીવે હરા
બાકી બધા સમજો મરા......

તળશી વિઠાણી (અંતરમન) સુરત

વરસે

અઢળકથી અઢળક વરસે,
સોનું,ચાંદી રૂપું બધું વરસે .
ક્યાંય હાથ લંબાવો ન પડે,
કાયમ લક્ષ્મીની કૃપા વરસે.
દુખ ક્યાંયથી આવી ન શકે,
મુશ્કેલી મહેરબાની તરસે!!
પ્રભુ ભૂખ્યો ભલે ઉઠાડે તને,
ભૂખ્યો રાતે ન સુવડાવશે.
મંગળ મંગળ મંગળ હોય,
મા લક્ષ્મીની અમી આંખો હર્ષે!!

ભરત વૈષ્ણવ
ધનતેરસ....૨૩.૧૦.૨૦૨૨

## શિર્ષક : વોભી કયાં દિન થે...



દિવાળી એટલે હર્ષોલ્લાસ, નવચેતના અને રોશનીનો તહેવાર. આપણાં દેશનો મહાપર્વ એટલે દિવાળી. આજે મને એક સવાલ થાય છે કે શું આ મહાપર્વ રહ્યો છે ખરો? સમયની થાપટ આપણાં તહેવારોને લાગી છે.આજે તો દિવાળી આવી શું ને ગઈ શું? કોઈનાં મુખ પર હર્ષોલ્લાસ દેખાય છે ?

આના માટે જવાબદાર પણ આપણે પોતે જ છીએ.આજે માણસોની જીજીવિષા એટલી તો વધી ગઈ છે કદાચિત એટલે પહેલાં જેવી મજા હવે રહી નથી.પહેલાં ભલે આજની જેમ ફલેટ નહોતાં. બધાં સીંગલ કે ડબલ રૂમનાં માળામાં રહેતાં. ( મુંબઈમાં)

માણસોના ઘર ભલે નાના હતાં પણ મન મોટાં હતાં. એ વખતે મને બરાબર યાદ છે.શરદ પુનમ જાય એટલે બધાં જ લોકોમાં જાણે શકિતનો સંચાર થઈ જતો.પહેલાં તો ઘરની સફાઈમાં લાગી જતાં ત્યારે આજની જેમ મોર્ડન કિચન નહોતા અભરાઈઓ હોય એમાં તાંબાનાં, પિત્તળ અને એલ્યુમિનિયમનાં વાસણોની કતાર લાગી હોય,એને તાર અને લાઈફબોય સાબુથી અને તાંબાનાં અને પિત્તળનાં વાસણ માટે પિતાંબરી નહોતી એને લીંબુ અને આંબલીથી ચમકાવતાં અને પાછાં પાડોશીને જોવા પણ બોલાવતાં.

હવે વારો નાસ્તાનો. ત્યારે આજની જેમ રેડીમેઈડ કાંઈ નહોતું. બધાં વિવિધ પ્રકારના વ્યંજનો ઘરે જ બનતાં જેમકે ચેવડો, ગાંઠિયા, સેવ, મઠિયાં-ફાફડા જે દસતાથી કુટી કુટીને બનાવતાં, ફરસીપુરી, સાતપડી પુરી,દહીંથરા, ઘૂઘરા. મિત્રો, ઘૂઘરાની કાંગરી વાળવી એપણ એક કળા છે.જે આ કળામાં પારંગત હોય એની તો એપોઈન્ટમેન્ટ લેવી પડે. મિઠાઈ પણ ઘરમાં જ બનતી મગજ, મૈસુબ, મોહનથાળ વગેરે વ્યંજનોના ડબ્બા ભરાતાં એમાં બધાં એકબીજાની મદદ પણ કરતાં. મિત્રો, આ સમય એવો હતો જયારે મોબાઈલનું ચલણ નહતું એટલે એકબીજાના ઘરે જવાની પ્રથા હતી. જે આવે એમને આજ નાસ્તા અપાતાં.

એ સમયમાં કપડાં ચપ્પલ બધું જ દિવાળીમાં જ મળતું આજની જેમ નહીં કે આખું વર્ષ ઓનલાઈન ઓર્ડર કરીને મંગાવવાનું.

દિવાળીના સપરના દહાડામાં તો બધાં તાનમાં આવી જતાં. ધનતેરસના દિવસે લક્ષ્મીજીનું પુજન કરતાં, કાળીચૌદશનાં દિવસે કકરાટ કાઢતાં ત્યારે અમને નીચે જવાની અનુમતિ મળતી નહીં કારણ, ચારેબાજુ કુંડાળા કરી કકરાટ કાઢયાં હોય આજે આ પ્રથા શહેરોમાં નહીંવત જ રહી ગઈ છે. દિવાળીમાં ચોપડા પૂજનનું પણ મહત્વ હતું કારણ ત્યારે કંપ્યૂટરયુગ નહોતો. બેસતાંવર્ષની તો વાત જ શું કરું. સવારનાં ચાર વાગ્યામાં માળામાં ચહેલપહેલ શરુ થઈ જતી.મને બરાબર યાદ છે કે મારી માતા ઉઠતાં વેંત ઘરનો કચરો વાળીને એક થાળીમાં ભેગો કરતાં અને બહાર નાંખવા જતાં સાથે વેલણ લઈ જતાં અને આવતી વખતે 'અળશ જાયને લક્ષ્મી આવે 'એવું બોલતાં બોલતાં થાળી વગાડતાં ઘરે આવતાં આની પાછળનો હેતુ ફકત એટલો જ આખુ વર્ષ આળસથી દુર રહી કામ કરો એટલે લક્ષ્મી આવવાની જ. આની સાથે સબરસ (મીઠું)ના શકન. ×સબરસ × એટલે બધાં રસ જેના થકી તમારું આગામી વર્ષ હર્યુભર્યું રહે. સવારનાં પહોરમાં છ વાગે તો સાલ મુબારક કરવાંવાળા ઘરે આવવાં લાગતાં. મોઢું મીઠું કરવાની થાળી તૈયાર રાખવી પડતી. અમે બધાં મિત્રો સાથે આખા માળામાં સાલ મુબારક કરવાં નીકળી પડતાં એમાં પણ, પહેલાંથી જ ખબર હોય કે કોના ઘરમાં શું હશે.? જેનાં ઘરમાં ચોકલેટ પીપર કે બદામ પિસ્તા હોય એનાં ઘરે પહેલાં જતાં. જેટલું હાથમાં આવે એટલું લઈને ખીસ્સા ભરતાં. પછી મંદિરે જઈને ઘરે દાદીમાએ બનાવેલું શીખંડ, પુરી ને ઊધિયાંની લહેજત ઉઠાવતાં. સાજે ઠાકોરજીને છપ્પન ભોગ ધરાવવાની તૈયારીમાં લાગી જતાં અને પ્રસાદમાં સખડીનો સ્વાદ માણતાં.મિત્રો, સખડી એટલે શું? એતો જેને ખાધી હોય એને જ ખબર પડે. ઠાકોરજીનો છપ્પનભોગ જેને ભેગો કરી પ્રસાદમાં આપવામાં આવે એ સખડી.દિવાળીમાં બોણી પેઠે વડીલો પાસેથી એક કે બે રુપિયા મળતાં તો પણ રાજીના રેડ થઈ જતાં.

દિવાળીની વાત આવેને ફટાકડાંની અને દીવડાંની વાત ન કરીએ એ કેમ ચાલે. ફટાકડાંમાં આજના જેટલી વેરાયટી નહોતી ૧૦૦ થી૨૦૦ રુ ફટાકડાંમાં તો અમે બધાં ખુશ થઈ જતાં. મિત્રો, આજે તો ચાઈનીઝ ફટાકડાં અને લાઈટની બજારમાં માંગ છે પણ, અમે તો માટીનાં કોડિયાં અથવા કાચનાં ગ્લાસમાં કલરવાળું પાણી અને ઉપર તેલ નાંખી એની પણ, વિશિષ્ટ પ્રકારની વાટ આવતી જે હજી પણ મળે છે એનાં જ દીવા કરતાં.

મિત્રો, નવી ફેશન અપનાવવામાં કાંઈ ખોટું નથી પણ આપણી પરંપરા આપણી ધરોહર આપણાં તહેવારોનું સાચું જ્ઞાન આપણી ભાવિપેઢીને આપવું જ રહ્યું. આપણે આતશબાજીમાં એટલાં તો ખોવાઈ ગયા કે આત્માનીબાજીથી વિખુટા પડી ગયાં. આજે આપણે આપણી પરંપરાનું પાલન નથી કરતાં તો ભાવિ પેઢી કયાંથી કરવાની? હું તો કહીશ આપણી કરતાં તો આપણો યુવાવર્ગ વધારે સમજદાર છે. એમણે પર્યાવરણને ધ્યાનમાં લઈ ફટાકડાં ફોડવાનું ઓછું અથવાતો બંધ કરી દીધું છે. મારું પણ કહેવું છે કે આપણી મહેનતની કમાણીનો ધુમાડો કરવાંને બદલે એજ પૈસાથી કોઈ ગરીબ ગુરબાની મદદ કરી અથવા તો કોઈ અનાથાશ્રમમાં જઈને એ ભૂલકાંઓ સાથે દિવાળી મનાવીને તો જોજો તમને આનંદ અનેરો થાશે.......

જીજ્ઞા કપુરિયા
'નિયતી'

## એકડા પાછળ કેટલા મીંડા હોય સવાલે રાજુ રદી કલિન બોલ્ડ!!!

રાજુ રદી કેલક્યુલેટર લઈને હંમેશની માફક થોડા સા કન્ફયુઝડ-મુંઝાયેલી હાલતમાં પલળેલા કાગડાની જેમ મારા ઘરમાં પ્રવેશ્યો.

"ગિરધરભાઈ ! આજે દૂધની પાંચ કોથળી લાવેલો હતો. બધી કોથળી ફેઈલ નીકળી. નારિયેળ મનફેર હોય તેમ દૂધફેર નીકળ્યું.

મારે ડેરી પર ગ્રાહક અદાલતમાં કેસ ઠોકવો છે. કેટલા રૂપિયાનો દાવો માંડું?" હું જાણે સોલિસીટર જનરલ ઓફ ઇન્ડિયા કે એડવોકેટ જનરલ ઓફ ગુજરાત સ્ટેટ હોય તેમ ઈલિગલ લિગલ ઓપિનિયન પૂછ્યો.

"રાજુ. વેઈટ એ મિનિટ! મને ' કેસ ઠોકવો'વાકય સામે સખત અહિંસાત્મક વાંધો છે. આવી ભાષા સો-કોલ્ડ એનકાઉન્ટર સ્પેશિયાલીસ્ટ એસીપી દયાની હોય! જનરલ પબ્લિક કાયદો હાથમાં ન લઈ શકે!" મેં મારો વાંધો દર્જ કર્યો.

" ગિરધરભાઇ . તમે મૂળ સવાલ ઉડાડી દીધો. બોલો કેટલાનો દાવો કરવો જોઈએ?" રાજુએ પુનઃપ્રશ્ન કર્યો.

" એક દૂધની કોથળીના ત્રીસ રૂપિયા થાય. એ હિસાબે પાંચ કોથળીના દોઢસો , તને થયેલ માનસિક ત્રાસ-મહાવ્યથાના પચાસ અને સ્ટેશનરી ખર્ચના મળીને રૂપિયા અઢીસોનો દાવો કરાયપપ." મારું બોલવાનું પૂરૂં થાય તે પહેલાં રાજુએ હું ગયેલો કેસ- ફૂટેલી કારતૂસ - મોટી નોટ હોય તેમ માથું કુટ્યું.

" ગિરધરભાઇ,પંતુજીવેડા જ કર્યા ને!!આટલી રકમડી માટે દાવો કરવાનો?" રાજુએ મારી ગણતરી સામે બળવો કર્યો.

" રાજુ, વાધરી-લેસ માટે ભેંસ મરાય ખરી?" મારા પ્રશ્નથી રાજુ માથું ખંજવાળવા માંડ્યો.

" ગિરધરભાઇ . નિયમ એવો છે કે હંમેશા મોટી માંગણી કરવી . માંગણીમાં કપાત કરવામાં આવે તો પણ મૂળ માંગણી કરતાં ડબલ મંજૂર થાય. પિસ્તોલની જરૂર હોય તો તોપ- મિસાઈલની માંગણી કરવી!!!" રાજુએ મને ગરજશાસ્ત્રના પદાર્થ પાઠ શિખવાડ્યા.

" રાજુ. હમણા એક મોડેલે ખરાબ ગ્રાહક સેવા માટે દિલ્હી સ્થિત હોટલના સલૂનનો નેશનલ કન્ઝયુમર કમિશને બે કરોડ વળતર ચૂકવવા હુકમ કર્યો છે"મેં ભજિયું મુકયું.

" ગિરધરભાઇ. હમણા એક ગ્રાહકે ઓનલાઈન કંપનીમાંથી મોબાઈલ ખરીદેલ હતો. મોબાઈલ ચાર્જિંગ દરમિયાન શિલ્પા શેટીની જેમ હોટ થઇ જતો હતો.

કંપનીએ ફોન બદલી આપવા ઓફર કરી પણ ફોન પરત લઇ રીફંડ આપવા ઈક્રાર કર્યો. આ ભાઇએ સમગ્ર ગ્રાહક વતી કંપની પર માત્ર - કેવળ ઓન્લી ૭૪૩ કરોડનો દાવો ગ્રાહક અદાલતમાં દાખલ કર્યો."રાજુએ ઈકોનોમિકલ ઈરાઈટિક સેન્સેનલ સ્ટોરી શેર કરી

" રાજુ , કેસનો શું ચુકાદો આવ્યો? તારીખ પે તારીખ" મેં સન્ની દેઓલની જેમ અઢીસો ગ્રામનો હાથ ઝીંકતાં બોર્ડર બ્રાંડ સવાલ પૂછ્યો.

" ગિરધરભાઇ,ગ્રાહક અદાલતે કેસ ડીસમીસ કર્યો" રાજુ ઢીલાઢસ અવાજે મચ્છરની જેમ ગણગણ્યો.

" રાજુ અંક કરોડ પાછળ કેટલા મીંડા-શૂન્ય હોય?"


રાજુ આંગળીના વેઢા ગણતા ચોગડે અટકી જાય છે-સ્કૂલમાં પણ ચોથું પાસ કરી પાંચમા ધોરણમાં કયાં ગયો હતો, રાજુ??


ભરત વૈષ્ણવ
૨૩.૧૦.૨૦૨૨.#
હાસ્યલેખ

## ૩૬ ઉપગ્રહો સાથે એલએમવી-૩ રોકેટે ઉડાન ભરી ઈતિહાસ રચ્યો

નવીદિલ્લી,તા.૨૩

દિવાળી પહેલાં જ ઈસરોમાં દિવાળીનો ઉજવણી શરૂ થઈ ગઈ. કારણકે, ઈસરોએ આજે એક અનોખો વિક્રમ પોતાના નામે કરીને ફરી એકવાર ઈતિહાસ રચી દીધો છે. ઈસરોએ કોમર્શિયલ સેટેલાઈટ લોન્ચ માર્કેટમાં પ્રવેશ કરીને ઈતિહાસ રચ્યો છે. ભારતીય અવકાશ એજન્સીના સૌથી ભારે રોકેટ ૪૩.૫ મીટર લાંબા LVM-3 એ બ્રિટિશ સ્ટાર્ટઅપના ૩૬ ઉપગ્રહોને લઈને ઉડાન ભરી હતી. આ પ્રક્ષેપણ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે શનિવાર-રવિવારની મધ્યરાત્રિએ ૧૨:૦૭ વાગ્યે થયું હતું. આ સંચાર ઉપગ્રહોને LVM3-M2/OneWeb India-૧ મિશન હેઠળ લો અર્થ ઓર્બિટ (LEO)માં મૂકવામાં આવ્યા હતા. LMV-૩ ૮,૦૦૦ કિલોગ્રામ સુધીના ઉપગ્રહો લઈ જવા માટે સક્ષમ છે.








ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 0092
પ્રકાર:- પદ્ય

વિષય :- દિવા સ્વપ્નો
શિર્ષક :- કલ્પનાશીલતાનું ફરજંદ દિવા સ્વપ્નો
સ્વપ્નો, દિવા સ્વપ્નોની વચ્ચે,
અથડાતી, કુટાતી ને ઘડાતી જિંદગી.
ક્યારેક લાગે વ્યર્થ ને નકામી તો,
ક્યારેક લાગે જાણે ખુદાની બંદગી.
હતું એક પહેલું દિવા સ્વપ્ન કે,
પ્રેમ અઢળક પામું સહુનો.
આપવામાંય ના ઉણી ઉતરું ને,
પામું પારાવાર પ્રેમ સહુનો.
આપી- આપીને હૃદય ખાલી કર્યું,
પામી ના પ્રેમ તલભાર કોઈનો.
ઉણપ આ જીવનની હવે જીદ બની,
આપું છું ખુદને જ હવે હું પ્રેમ સહુનો.
બીજું દિવા સ્વપ્ન હતું કે જેવી હું છું તેવી જ આ દુનિયા,
સરળ અને  નિખાલસ છે.
મને મળતા બધા જ ચહેરા,
અહીં નિષ્કપટ ને સાલસ છે.
અનુભવોના એરણ પર એય તૂટતું રહ્યું,
આ દિવા સ્વપ્ન મને જીવનભર લૂંટતું રહ્યું.
ચહેરાની ઉપર મહોરાં અહીં લગાવે છે,
આ દુનિયાને સરળતા નહિં, ચાલાકી જ ફાવે છે.
ત્રીજું દિવા સ્વપ્ન હતું કે ભલાઈનો બદલો ભલાઈ જ મળશે,
વાવું છું વડલો આજે તો ક્યારેક છાંયા પણ મળશે.
કોરતું રહ્યું આ દિવા સ્વપ્ન અસ્તિત્વને,
ઉધઈ સમ ખાતું રહ્યું મારા વ્યક્તિત્વને.
દિવા સ્વપ્નો એ આશાના કિરણો બતાવ્યા,
રણમાં મરૂજળના દર્શન કરાવ્યા.
જ્યારે થયો વાસ્તવિકતાથી પરિચય,
અનુભવ્યો એક અજાણ ને અદ્રશ્ય ભય.
દિવા સ્વપ્નો કલ્પનાશીલતાનું ફરજંદ છે,
પૂર્ણ થવાના એના અવસર મંદ છે.
સાતમા આસમાને ઉડાવે એવા છંદ છે ને,
પછડાટ ખાધા પછી જ વ્યક્તિ અકલમંદ છે.
# અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
૨૩ / ૧૦ / ૨૨.




#ધન॰તેરસના પવિત્ર દિવસે સતત ૨૪માં વર્ષે ગજાનન આશ્રમ માલસર... #લક્ષ્મીનારાયણ॰મહાયજ્ઞ ૨૧૦૦ કમળ સોના/ચાંદીના વરખ ચડાવેલા સાથે ૧૨૦૦કિલો વિવિઘ ઔષધી દ્રવ્યો,સુકામેવા,ગાયના ઘી,૧૬૦કિલો બિલ્વકાસ્ટ સાથે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા મહાયજ્ઞ ૨૨/૧૦/૨૦૨૨ને શનીવારના આપ સર્વેની #શુભકામના થી નિર્વિઘ્ને સંપન્ન થયેલ.ગુરુજી પરિવાર(વિજયભાઈ જોશી રાજકોટ વાળા તેમજ તેમની સંસ્કૃત પાઠશાળા ના વિદ્યાર્થી તેમજ તેમની આ આશ્રમ ની પ્રવૃત્તિઓ ના સૌ સહભાગી ઠેકઠેકાણે થી ઉપસ્થિત રહી સૌ કોઈ આ મહા યજ્ઞ માં ભાગ લઈ એક અનોખી અનુભૂતિ ના દર્શન કર્યા હતા.

# દિવાળી પર બોનસ ન મળ્યું તો કર્મચારીનો પિત્તો ગયો, જે કંપનીમાં કામ કરતો હતો તેને જ લૂંટી લીધી

રાયપુર,તા.૨૩

કહેવાય છે કે મજબૂરી માણસને કંઈ પણ કરાવે છે. બાદમાં તેને ખબર પડે છે કે, તેને કેટલો મોટો ગુનો કર્યો છે. છત્તીસગઢના રાયપુરમાંથી પણ કંઈક આવો જ કિસ્સો સામે આવ્યો છે. અહીં જોઈએ તેટલો પગાર અને બોનસ ન મળતા એક કર્મચારીએ લૂંટ મચાવી હતી. છે. ઓડિશાની એસપી ગોયલ નામની કંપનીમાં કામ કરતા અમુક કર્મચારીઓને રોકડ પગારનો એક બેગ ભરીને જઈ રહ્યા હતા. તે સમયે રસ્તામાં તેમને અમુક લોકોએ લૂંટી લીધા. કંપનીના એક કર્મચારી સુશાંતે પોલીસમાં ફરિયાદ કરી હતી.તપાસમાં લાગેલી પોલીસને આ વિસ્તારમાંથી સીસીટીવી કેમેરા ખંગાળ્યા તો,જે વ્યક્તિઓએ કંપનીના કર્મચારીઓના સાથે લૂંટ કરી, તે લોકો બાદમાં એજ કંપનીના કર્મચારી વિદ્યાધર સાથે જોવા મળ્યા. જ્યારે વિદ્યાધર સાથે કડકાઈ સાથે પૂછપરછ કરવામાં આવી તો, તે ભાંગી પડ્યો, તેણે કહ્યુ કે, મેં મારા અમુક સાથીઓને લૂંટ માટે મોકલ્યા હતા.જેવા આ લોકો સિલયારી પાસે પહોંચ્યા તો, વિદ્યાધરના મિત્રો સુશાંત અને અન્યોએ કર્મચારીઓ સાથે મારપીટ કરી અને રૂપિયા ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા, આ બેગમાં ૧ લાખ ૭૦ હજાર રૂપિયા હતા, જે કંપનીના મજૂરોને પગાર તરીકે આપવાના હતા.વિદ્યાધરે પોલીસને જણાવ્યું હતું કે, પગાર ઓછો હોવાના કારણે કંપની મેનેજમેન્ટ સાથે તેને ઘણી વાર બોલાચાલી પણ થઈ છે. તેને પોતાના સાથીઓ સાથે મળીને પોતાની જ કંપનીમાં મોટી ચોરી કરી હતી. બાદમાં લૂંટની ખોટીની કહાની બનાવી. પણ કહેવાય છે કે, જુઠાણુ લાંબો સમય ટકતું નથી. પોલીસે ટૂંક સમયમાં આ લૂંટની ઘટનાનો ભાંડાફોડ કર્યો અને આ કર્મચારીની ધરપકડ કરી.આ ઘટના ૧૮ ઓક્ટોબર સિલયારી ગ્રામ તરેસરની







કાંઈક બનવું છે? તો
બાવડે બળ રાખ,
નહીંતો અવર જોરે
આવી ના ચર રાખ.
લૂંટીને કોઈનો ખજાનો
લખપતિ થવાશે?
મર્યાદા સમજીને પગ
તારાં ભોં પર રાખ.
માંહ્યલાંને મારીને
જલસાથી કેમ જીવાય?
ઝાઝો નહીં થોડો તો
કુદરતનો ડર રાખ.
સામનો તો થશે જ
ક્યારેક ખુદથી તારો,
તું ખુદને સંતાડવાને
ગમે તેટલાં દર રાખ!
શોધી લેશે તારાં કર્મો
તને એક'દિ જરૂર,
તું ભલેને સાતમાં
પાતાળે તારું ઘર રાખ.
દક્ષા રંજન
(અમદાવાદ)







સોરઠ
ક્યાં ઉઘાડું દ્વાર તારાં
હાથમાં ચાવી નથી.
આ શીશ લઈ ક્યાં જાવું
આલોકમાં આવાં યોદ્ધા નથી
આ માથું પડ્યું ધોધા
માંય ને ધડ ગ્યો ખદડપર લગ
ધાય
સૂતો પિંડ મેલ્યે સૂર
નરજાણ નૂર ભળિયા નૂર
નિર્મળ ચાંડપરીયા નીર
ધનધન સોરઠ રણવીર
અવતાર ધન નર લોકતુ
ધન ધન તારી માત
સાત કોસ સુધી યુદ્ધ
લડ્યો માથા વિના સમશેર
ચલાવી. વેરી. દાંતને જેરી
કરી રણવીર તું લડતો રહ્યોધન્ય
છે સોરઠ તને આ વીર બંકો
પૈદા કરીયો.
ગીતા કચડીયા (સુરત
)Kg.











પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા ની ઉપસ્થિતિમાં કોંગ્રેસના અગ્રણી નેતા શ્રી નીતિનભાઈ પટેલ તેમના સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.નીતિનભાઈ પટેલ ૨૦૧૭ માં કોંગ્રેસ પક્ષ તરફથી નારણપુરા પાટીદાર ના ગઢ માં ચૂંટણી લડી ને પરાજય થયાં હતા તેમજ ખૂબ નાની ઉંમરે તેઓ કોંગ્રેસ પક્ષ સાથે જોડાઈ હાલની ભાજપ ની રાજકીય ગતિવિધિઓ થી ખૂબ પ્રભાવિત હતા અને કોંગ્રેસ પક્ષ માં તેઓ ગુગલામળ અનુભવતા હતા અને ભાજપ માં જોડાતા તેઓ ઘરવાપસી જેવો અનુભવ કરતા હતા તેમ તેમણે જણાવ્યું હતું.

## સર્વેને ધનતેરસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ

કાશી વિશ્વનાથ ઋષિકેશ પંચાંગ મુજબ તેરસ તિથિ ૨૨ /૧૦/ ૨૨ ઓક્ટોબર શનિવારે સાંજે ૪:૩૩ વાગ્યાથી શરૂ થઇ રહી છે.બીજા દિવસે ૨૩ ઓક્ટોબર રવિવારે સાંજે ૦૫:૦૪ વાગ્યા સુધી રહેશે.કારતક કૃષ્ણની સાંજે તેરસ તિથિમાં ભગવાન ધનવંતરીની સાથે ભગવાન ગણેશ અને દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે.

શાસ્ત્રોમાં પ્રદોષ કાળમાં તેરસની પૂજા કરવાનો સારો નિયમ છે.આ સ્થિતિમાં ૨૨ ઓક્ટોબર ધનતેરસના દિવસે ઉત્તર ફાલ્ગુની નક્ષત્ર અને બ્રહ્મ યોગમાં લક્ષ્મી પૂજાનો શ્રેષ્ઠ સમય સાંજે ૦૬:૨૧ થી ૦૮:૫૯ સુધીનો છે.આ શુભ સમયે પૂજા કરવી જોઈએ.(સહુનો સાથ)

સરસ માહિતી

'શ્રી' , 'લક્ષ્મી', કે 'મહાલક્ષ્મી' ધનસંપત્તિની અધિષ્ઠાત્રી દેવી છે.તેઓની પૂજા કરી લક્ષ્મીની પૂજા કરવા માં આવે છે.આ પૂજા દિવાળી પર્વન સમયે આસો વદ તેરસે કરાય છે. ઘરમાં સાચવેલા વંશપરંપરાગત ચાંદીનાં, સોનાના, તેમજ ચલણના સિક્કાઓની પૂજા થાય છે. તેઓને પંચામૃતનું સ્નાન કરાવી શુદ્ધ પાણી અને ગંગાજળથી સાફ કરી કંકુ ચોખા અબીલ ગુલાલ ને ચંદન ને ફૂલો દ્વારા પૂજન થાય છે. પવિત્ર મનથી લક્ષ્મીને આવકારવામાં આવે છે.

આખા વર્ષનાં જમા ઉધારના ચોપડાનું પણ વેપારી લોકો પૂજન કરે છે. તેમાં શ્રી ગણેશ ને દેવી દેવતાના નામ લખી પૂજન થાય છે. તેમાં જ નવા વર્ષે મીતી નંખાઈ છે ને નવું વર્ષ સમૃદ્ધી લાવે તેવી પ્રાર્થના કુંટુંબીઓ ભેગા થઈ કરે છે. માલધારીઓ પોતાનાં ઢોરાને શણગારી તેનું પૂજન કરી તેમને મીઠું ભોજન કરાવે છે.

વેદ પુરાંતમાં ને દંતકથા રૂપે કહેવાય છે કે આ દિવસે સમુદ્રમંથન કરાયું હતું ને તે સમયે ધનની દેવી લક્ષ્મી પણ ઉદ્દભવ્યા હતાં. શ્રીલક્ષ્મી એક હાથમાં કુંભ અને બીજા હાથમાં કમળ સાથે પ્રગટ થયાં હતા. બ્રહ્માની

નાભીમાંથી કમળ પર લક્ષ્મી બિરાજે છે. લક્ષ્મીને નારાયણ સાથે જ બોલાય છે જેમ કે શ્રીલક્ષ્મીનારાયણ.

મિત્રો, દિવાળી એ ભારતનો સાહ્યબી ભરેલો તહેવાર છે જેમાં મુખ્ય પાંચદિવસમાં આ સૌથી મહત્વપૂર્ણ તહેવાર છે. ગાયત્રીમંત્રનાં પાઠ થાય છે-

ૐ મહાલક્ષ્મી ય વિદમહે, વિષ્ણુપત્ની ચ ધીમહી
તન્નો લક્ષ્મી: પ્રચોદયાત્

ચાલો મિત્ર આપણાં પંચાગ પ્રમાણે આજ સાંજ ૪.૩૩થી શરૂ થતાં આ પર્વને હકારાત્કતાથી વધાવીએ, લક્ષ્મીજીને
આપણાં તેમજ વિશ્વમાં શાંતિ રાખવા વિનવીએ.
ઓમ શાંતિ ઓમ
જયશ્રી પટેલ
૨૨/૧૦, ૨૩/૧૦/૨૨

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહાડો પર કડકડતી ઠંડીમાં પતરાંના મકાનમાં રાતવાસો કર્યો

*કેદારનાથ,તા.૨૩*

*પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ દિવાળીના પર્વોની આસપાસ ઉત્તરાખંડ યાત્રા કરી જેમાં તેમણે કેદારનાથમાં પૂજા સહિત બદ્રી વિશાળનાં દર્શન પણ કર્યા અને ત્યારબાગ પીએમએ કેટલાય વિકાસલક્ષી કાર્યોનું ઉદ્‌ગાટન કર્યું. પીએમએ ચીન સીમા પર આવેલ દેશનાં સૌથી છેલ્લાં ગામ માળામાં જનસભા કરી અને ૧૧૩૦૦ ફીટની ઊંચાઇ પર રાતે વિશ્રામ પણ કર્યો. શૂન્યથી નીચે જતાં આ તાપમાનવાળા વિસ્તારમાં પીએમએ અતિ સાધારણ રીતે પોતાની રાત વ્યતિત કરી. માળા પાસે આવેલ બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશનના એક નાનકડાં અસ્થાયી સ્થળ પર રાત રહ્યાં.*

*પીએમ મોદી માળાનાં જે ગામનાં એક અસ્થાયી મકાનમાં રહ્યાં તેની છત ટીનની બનેલી હતી. અને રાત્રે ભોજનમાં દેશના વડાપ્રધાને ખિચડીનું સેવન કર્યું હતું. પીએમ એ ખિચડી સિવાય મંડવાની રોટલી, સ્થાનિક ચટણી અને ખીર પણ જમી.*




# ૧ નવેમ્બરે બાંસવાડાના માનગઢમાં રેલી કરી ગુજરાતના આદિવાસી મતદારોને આકર્ષશે


બાંસવાડા,તા.૨૩

રાજસ્થાનના આદિવાસી બાહુલ્ય ધરાવતા બાંસવાડા જિલ્લાના માનગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી યોજાવાની છે. જો કે આ રેલી રાજસ્થાનમાં થઈ રહી છે, પરંતુ તેની અસર રાજસ્થાન ઉપરાંત મધ્યપ્રદેશ અને ગુજરાતમાં પણ જોવા મળે તેવી શક્યતા છે. રાજકીય નિષ્ણાતોનું માનીએ તો આ રેલી દ્વારા વડાપ્રધાન રાજસ્થાનના આદિવાસી મતદારો ઉપરાંત મધ્યપ્રદેશ અને ગુજરાતના આદિવાસી મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કરશે. તેની સીધી અસર ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળી શકે છે.સૂત્રોના જણાવ્યા અનુસાર ૧ નવેમ્બરે વડાપ્રધાન મોદી માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક તરીકે પણ જાહેર કરી શકે છે. સંસ્કૃતિ મંત્રાલય આ પ્રોજેક્ટ પર ઝડપથી કામ કરી રહ્યું છે. આ માટે તાજેતરમાં જ રાજસ્થાનના ઘણા નેતાઓ સાથે સાંસ્કૃતિક મંત્રાલયના અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી છે.તમને જણાવી દઈએ કે ભૌગોલિક રીતે રાજસ્થાનમાં, પરંતુ ગુજરાતની સરહદને સંપૂર્ણપણે અડીને આવેલા માનગઢને આદિવાસીઓની ઓળખ અને સન્માનનું પ્રતિક માનવામાં આવે છે. રાજકીય જાણકારોના મતે ગુજરાતમાં ચૂંટણી યોજાવાની હોવાથી છે. તેથી આવી સ્થિતિમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ માનગઢમાંથી ભીલ સમાજના લોકોને સંદેશ આપશે તો તેની અસર ગુજરાતના આદિવાસીઓ સુધી પહોંચશે.

































Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# ઈમ્પેક્ટ ફી જેવી અસંખ્ય જનવિરોધી યોજનાઓ દ્વારા ભાજપ સરકાર જનતાને લુંટી રહી છેઃ ડો. જીતુભાઈ પટેલ

અમદાવાદ,તા.૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૪૦ લાખથી વધુ બેરોજગારો છે અને તેઓ વારંવાર પેપરફુટવાની ઘટનાથી હતાશામાં ઘેરાઈ ગયા છે.

સાથેસાથે કરાર આધારીત તથા ફિક્સ પગારના ૧૫ લાખ કર્મચારીઓનું પણ શોષણ થઈ રહ્યું છે તાજેતરમાં રાજસ્થાન સરકારે એક લાખ દસ હજાર કરારી કામદારોને નિયમીત કરીને સ્પેશ્યલ પે પ્રોટેક્શનની જોગવાઈ કરવામાં આવેલ છે સાથેસાથે તેમને જુની પેન્શન યોજનાનો પણ લાભ આપવામાં આવશે.

માનવિય દ્રષ્ટિકોણથી આજ પ્રમાણે કોંગ્રેસ ૨૦૨૨માં સત્તામાં આવતાની સાથે જ કરાર આધારીત તથા ફિક્સ પગારના ૧૫ લાખ કર્મચારીઓને કાયમી કરશે તથા ઓલ્ડ પેન્શન યોજનાનો લાભ પણ આપશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, હાલમાં સરકારે જે ઈમ્પેક્ટ ફીનો અવિચારી વટહુકમ લાદેલ છે તેના કારણે ગુજરાતની જનતા ઉપર ૨૦ હજાર કરોડથી વધારે દંડ વસુલવામાં આવે તેવી વકી છે.

પ્રજાએ તો સરકારને ટેક્ષ આપેલ જ છે અને આ વખતના વટહુકમમાં ઘણી બાબતો હજી સ્પષ્ટ છે નહીં. શું ૨૦૧૧ પહેલા બી.યુ. પરમીશન ન હતી ત્યારે જે રજા ચિઠ્ઠીએ પરમીશન મળતી હતી તે રજા ચિઠ્ઠીને અધિકૃત ગણવામાં આવશે કે નહીં ? હાઉસીંગ બોર્ડના મકાનોમાં ૨૦૦૬માં ગુજરાત સરકારે દંડ વસુલ્યો હતો તે શા માટે ઈમ્પેક્ટ ફી ના નામે ફરીથી વસુલવામાં આવી રહેલ છે ? આ સરકાર પહેલા રોશની છીનવી લે છે અને પછી ચશ્માનું દાન કરે છે. સરકારની નીતિ 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા અંધેરી નગરી અને ગંડુ રાજા' જેવી છે ત્યારે કોંગ્રેસ પક્ષે ઐતિહાસીક નિર્ણય કરેલ છે કે, મહાનગરો - શહેરી સત્તામંડળો - નગરપાલિકા વિસ્તારોમાં આવતા રહેણાંકના મકાનો માટે કોંગ્રેસ ૨૦૨૨માં સત્તામાં આવતાની સાથે જ ઈમ્પેક્ટ ફી નો અવિચારી કાયદો દુર કરીને પોતાની જગ્યામાં કરેલા અનઅધિકૃત બાંધકામોને એકપણ રૂપિયો લીધા સિવાય નિયમીત કરશે અને જનતા પ્રત્યેની જવાબદારીનું વહન કરશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ તથા મીડીયા પેનાલીસ્ટ પાર્થિવરાજ કઠવાડીયા, પ્રદેશ ડેલીગેટશ્રી અમૃતભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં.

# દિવાળી બાદ રાહુલ અને પ્રિયંકા ગાંધી સહિતના દિગ્ગજો ચુંટણી પ્રચાર કરશે

અમદાવાદ,તા.૨૩

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે, ત્યારે દરેક રાજકીય પાર્ટી પ્રચાર અને પ્રસાર થકી મતદારોને રીઝવવા પ્રયાસ કરી રહી છે. તો હવે કથળેલી સ્થિતિમાં કાઠુ કાઢવા કોંગ્રેસની કવાયત તેજ થઈ છે. દિવાળી બાદ કોંગ્રેસ મૂરતિયાની પસંદગીથી લઈ પરિવર્તન સંકલ્પ યાત્રા થકી સમગ્ર ગુજરાતને ઘમરોળી પ્રચાર થકી મતદારોની નજીક પહોંચશે.ગુજરાત કોંગ્રેસની ઉમેદવાર પસંદગી પ્રકિયા હાલ અંતિમ તબક્કામાં છે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોર અને વિપક્ષ નેતા સુખરામ રાઠવા દિલ્હી જશે. આગામી ૨૬-૨૭ ઓક્ટોબરે કોંગ્રેસ ઈલેક્શન કમિટીની બેઠક મળનાર છે. જેમાં સ્ક્રીનિંગ કમિટીએ પસંદ કરેલા ઉમેદવાર પર સીઈસી અંતિમ મહોર લગાવશે. જો કે હાલ કોગ્રેસ સિંગલ દાવેદાર અને નિર્વિવાદિત બેઠકો પર જ મૂરતિયા ઉતારશે. તો કેટલીક બેઠકો પર ભાજપના ઉમેદવાર જાહેર થવાની રાહ જોશે. સૂત્રોનુ માનીએ તો પ્રથમ યાદીમાં વર્તમાન ધારાસભ્યોના નામો નહીં હોય. નવા વર્ષની શરૂઆતમાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવાનું કોંગ્રેસનું આયોજન છે.

દિલ્હીમાં મળનાર આ બેઠકમાં ચૂંટણીની તૈયારીઓને લઈને પણ મંથન થશે. ૩૧ ઓક્ટોબરે કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રા શરૂ થનાર છે, ત્યારે દિલ્લી મુલાકાતમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના ગુજરાત પ્રવાસની તારીખો પણ નક્કી થશે. એટલે કે દિવાળી બાદ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ચૂંટણી મેદાનમાં ઉતરશે.

મોટાભાગે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં બે-ત્રણ મહિના અગાઉ કોંગ્રેસ પ્રચાર કરીને ઘણી બેઠકો પર જીત મેળવવામાં કામયાબ રહી છે. જો કે આ વખતે રાજકીય સમીકરણો અને સ્થિતિ કંઈક જુદો જ રાગ આલાપી રહ્યા છે.

# ભાજપના પૂર્વ ધારાસભ્ય બાલકૃષ્ણભાઈ પટેલ કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયા

અમદાવાદ,તા.૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ, બિમલ શાહ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોર્ડીનેટર હેમાંગ રાવલની ઉપસ્થિતીમાં ભારતીય જનતા પક્ષના પૂર્વ ધારાસભ્યશ્રી બાલકૃષ્ણભાઈ પટેલને કોંગ્રેસનો તિરંગો ખેસ પહેરાવી પ્રદેશ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધીવત રીતે આવકારતા જણાવ્યું હતું કે, ભાજપના પાયાના કાર્યકર અને દિગ્ગજ નેતાશ્રી બાલકૃષ્ણભાઈ પટેલને અમે કોંગ્રેસ પક્ષમાં આવકારીએ છીએ અને આજ રીતે ભૂતકાળમાં જીલ્લા પંચાયતના પ્રમુખ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને ભાજપના દિગ્ગજ નેતાઓ પણ જ્યારે ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે ત્યારે ખરા અર્થમાં ગુજરાતમાં પણ "ભારત જોડો" અભિયાનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

ભાજપના પૂર્વ ધારાસભ્યશ્રી બાલકૃષ્ણભાઈ પટેલે જણાવ્યું હતું કે, મેં ભાજપમાં જીલ્લા પ્રમુખ તરીકે કાર્ય કરીને તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં ભાજપને વિજયી બનાવી હતી તથા ડભોઈના ધારાસભ્ય તરીકે પણ સેવાઓ આપેલ હતી. ભાજપમાં પાયાના કાર્યકર્તાઓની સતત અવગણના થઈ રહી છે તથા ગુજરાતના ખેડૂતોને પણ ખુબ જ અન્યાય થઈ રહ્યો છે. ગુજરાતના ગરીબ અને મધ્યમવર્ગને ન્યાય માત્ર કોંગ્રેસ જ આપી શકે એમ છે.

# મોટેરામાં આવેલ અંજલી જ્વેલર્સમાં દોઢ કરોડના દાગીનાની લૂંટ ચલાવી કર્મચારીઓ ફરાર

અમદાવાદ,તા.૨૩

અમદાવાદના મોટેરામાં આવેલી અંજલી જ્વેલર્સમાં કરોડોના દાગીનાની લૂંટની ઘટના બની. જ્વેલર્સમાં કામ કરતા કર્મચારીઓએ જ જ્વેલર્સના માલિકને બંધક બનાવી લૂંટને અંજામ આપ્યો હતો. આરોપીઓ કરોડો રૂપિયાના દાગીના લઈને ફરાર થઈ ગયા. સુનિલ ઉર્ફે સુરેન્દ્રસિંહ ઝાલા અને ચિરાગ નાયક નામના કર્મચારીએ લૂંટ ચલાવી. સુનિલ ઝાલા બનાસકાંઠાનો રહેવાસી છે. જ્યારે ચિરાગ મહેસાણાનો વતની છે. સુનિલ અંજલી જ્વેલર્સમાં પાંચ વર્ષથી નોકરી કરતો હતો અને ચિરાગ એક વર્ષથી નોકરી કરતો હતો.લૂંટનો પ્રિપ્લાન ઘડ્યો હોવાથી આરોપીઓએ સીસીટીવી કેમેરા પણ કાઢી લીધા હતા. ચાંદખેડા પોલીસે હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી તપાસ હાથ ધરી છે. હાલ પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને શોધવા તજવીજ હાથ ધરવામાં આવી છે. ધનતેરસે મધરાતે કર્મચારીઓએ આ લૂંટને અંજામ આપ્યો હતો. માલિકે મુકેલા વિશ્વાસનો કર્મચારીઓએ વિશ્વાસઘાત કર્યો હતો અને દાગીના લૂંટીને ફરાર થઈ ગયા.રાત્રિના સમયે ૨થી૩ વાગ્યા આસપાસ જ્વેલર્સની પાછળ રહેલા રૂમમાં માલિક મહેશ શાહને પૂરી દેવામાં આવ્યા હતા. જ્વેલર્સમાં ડિસ્પ્લેમાં રાખવામાં આવેલા તમામ દાગીના લૂંટીને ફરાર થઈ ગયા હતા. જ્વેલર્સ માલિકના જણાવ્યા મુજબ ત્રણ કિલો જેટલા સોના ચાંદીના દાગીના લૂંટી લેવામાં આવ્યા હતા. આશરે ૧.૫ કરોડથી વધુનો મુદ્દામાલ આ બંને કર્મચારીઓ લૂંટીને ફરાર થઈ ગયા હતા.શેઠ અંદર જતાં જ સુરેન્દ્ર અને ચિરાગે તેમને સ્ટ્રોંગ રૂમમાં બહારથી બંધ કરી દીધા હતા. શેઠને બંધ કરીને દુકાનમાં પડેલા સોનાના ૩ કિલો દાગીનાની બંને કારીગરોએ લૂંટ કરી દીધી હતી. દુકાનના માલિક રૂમમાં બંધ હતા. મહેશભાઈ શાહ આખી રાત ઘરે ન આવતા તેમજ ફોન ન ઉપાડતા તેઓના પત્નિ સવારે ૭ વાગે શો રૂમે પહોંચ્યા હતા.શો રૂમમાં જઈને જોતા તમામ દાગીનાઓ ગાયબ હતા અને અંદરની તરફ આવેલા લોકરના સ્ટ્રોંગ રૂમમાં મહેશભાઈ શાહને બંધક બનાવવામાં આવ્યા હોવાનું ધ્યાને આવતા પરિવારજનો અને પોલીસને જાણ કરવામા આવી હતી.

આ ઘટનાની જાણ થતા ચાંદખેડા પોલીસનો કાફલો પહોંચ્યો હતો અને એફએસએલની મદદ લઈને તપાસ શરૂ કરી હતી.

અંદાજે ૩ કિલો સોનાના દાગીના અને ૫ લાખ રોકડ રકમની ચોરી થતા પોલીસની સાથે ક્રાઈમબ્રાંચની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી.




ભારતીય જનતા પાર્ટી
ગાંધીનગર મહાનગર
દિવાળી અને નૂતનવર્ષની શુભકામનાઓ
મહાનગરના હોદ્દેદારશ્રીઓ
રુચિર ભટ્ટ
કનુભાઈ દેસાઈ
મહામંત્રી
ધર્મેન્દ્રસિંહ વાઘેલા
મહામંત્રી
ગૌરાંગ પટેલ
મહામંત્રી
ફાલ્ગુન વોરા
ઉપપ્રમુખ
પરેશ પટેલ
ઉપપ્રમુખ
મહિપત મિસ્ત્રી
ઉપપ્રમુખ
ઘનશ્યામભાઈ પટેલ
ઉપપ્રમુખ
અશોકજી ઠાકોર
ઉપપ્રમુખ
જીગ્નેશભાઈ પટેલ
ઉપપ્રમુખ
નિલેશ પટેલ
ઉપપ્રમુખ
ડૉ. દિવ્યા પટેલ
ઉપપ્રમુખ
વાસુભાઈ પટેલ
મંત્રી
કૈલાષબેન લખવારા
મંત્રી
ભાવનાબેન પાઠક
મંત્રી
જીગ્નેશ ઠક્કર
મંત્રી
ડૉ. નીતિન અંજાન
મંત્રી
સંગીતાબેન ચૌધરી
મંત્રી
રસિલાબેન વસાવા
મંત્રી
વીણાબા ઝાલા
મંત્રી
જયેશભાઈ બ્રહ્મભટ્ટ
કોષાધ્યક્ષ
હરીશ રાણા
કાર્યાલય મંત્રી


રાધે
Prem Ni Mithaas
RADHE PREM NI MITHAAS
શુભ
દિપાવલી
દિવાળી એટલે ખુશીઓ નો એહસાસ
જ્યારે સાથે હોઈ રાધે....
પ્રસરાવે પ્રેમ ની મીઠાસ
SWEETS | NAMKEEN | SNACKS | BAKERY | CHOCOLATES | DRYFRUIT | GIFTING
Associated Stores
Sector - 11 • Sector - 21 • Sector - 29, (gh6) • Sargasan • Raisan • Kudasan
www.premnimithaas.com